ક્રિમી.કેસ નં.

આંક–૧ના ચાર્જશીટ લગત હુકમ

કેસ પેપર્સ વંચાણે લીધા, આરોપી સામેના આક્ષેપો જોતાં આ કેસ સમન્સ ટ્રાયબલ પ્રકારનો કેસ છે. પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપીને પ્રોસેસની બજાવણી થઈ શકતી નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાનની હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી. નેશનલ લિગલ સર્વિસ ઓથોરીટીના પત્ર જાવક નંબર એફ.નં.એલ/૨૩/૨૦૧૪/નાલસા, તારીખ ૨૦.૦૮.૨૦૧૪ માં આપેલ ગાઈડ લાઈન ધ્યાનમાં લેતાં અદાલતમાં પડી રહેલ ડેડવુડ જેવા કેસોનો ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ની કલમ–૨૫૮ અન્વયે નિકાલ કરવા સુચના અપાયેલ છે. તેના અનુસંધાને અત્રેની કોર્ટે તેવા ડેડવુડ કેસો આઈડેન્ટીફાય કરી તે અંગે પબ્લિક પ્ર ોસીક્યુટરના અભિપ્રાય મેળવેલ છે.પ્રસ્તુત કેસ ઘણો જુનો છે જેથી હવે આ કેસમાં ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલજણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઈફિકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીમાંપુરતું ધ્યાન આપી શકાતું નથી. તે સંજોગોમાં ઈફિકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પુરતું ધ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની કાર્યવાહી બંધ કરવી વ્યાજબી અને ન્યોયોચિત જણાય છે. આ સંજોગોમાં ન્યાયના હિતમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૮ અન્વયે આ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહી પુરાવો નોંધ્યા વિના જ બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

સદર કેસની કાર્યવાહી ક્રિ.પો.કોડની કલમ ૨૫૮ની જોગવાઈ મુજબ સ્ટોપ કરી આરોપીને બીન તહોમત મુકત મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.(જોમુદ્દાાલ હોય તો ) જો અગાઉ મુદ્દામાલનો હુકમ થયેલ હોય તો સદર મુદ્દામાલનો હુકમ કામ કરવામાં આવે છે.

જો રોકડ રકમ મુદ્દામાલ હોય તો તે શ્રી સરકાર ખાતે જમા કરવો.

કેસ રજીસ્ટ્રરે હુકમની નોંધ કરવી.

આ હુકમ આજરોજ તા. ૧૩ મી –માહે જુલાઈ સને –૨૦૧૯ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૩–૦૭–૨૦૧૯
વડોદરા.

(પી.જે. રાયચુરા )
જયુડી.મેજી.ફ.ક.ત્રીજી કોર્ટ ,
વડોદરા. કોડ નં. જીજે.૦૧૦૮૩